# ગુજરાતના માળી સમાજનો ગરિમાપૂર્ણ વાર્ષિકોત્સવ સંપન્ન

ગાંધીનગર, તા. ૧





મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે ગાંધીનગરના કોબામાં ગુજરાતના માળી સમાજના વાર્ષિકોત્સવને અતિથિવિશેષપદેથી સંબોધતાં જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસ માટે સૌથી શિરમોર સેવા શિક્ષણની પ્રાથમિકતા છે. વિકાસ માટે ગુજરાતે સૌને સાથે રાખીને નવો મંત્ર આપ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

ગુજરાત અને રાજસ્થાનની સ્થિતિની તુલના કરતા મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતે દશ વર્ષમાં કૃષિ વિકાસ, જળવ્યવસ્થાપન અને માનવ સંસાધન વિકાસ દ્વારા સમાજજીવનને સશક્ત બનાવ્યું છે.

મહાત્મા જયોતિબા ફૂલે સેવા સંસ્થાનના ઉપક્રમે ગુજરાત સહિત રાજસ્થાન અને દેશના વિવિધ રાજ્યોમાંથી ઉત્સાહ-ઉમંગથી માળી કોમના વિવિધ સમાજોના પરિવારો આ વાર્ષિકોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મંત્રીશ્રીના હસ્તે ગુજરાત માળી સમાજ ફેડરેશન દ્વારા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.



આ પ્રસંગે યોજાયેલા સમાજના શિક્ષણ જાગૃતિ સંમેલનને સંબોધતાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે, સમાજોના ઉત્થાન માટેની અનેક સેવા પ્રવૃત્તિઓ થતી રહે છે એમાં શિરમોર સેવા ગરીબને શિક્ષણ આપવાની છે. ગરીબ શિક્ષિત હશે તો સમાજ ઉપર બોજ બન્યા વગર પોતાના પગ ઉપર નિર્ભર રહેશે. શિક્ષણ જ બધી મુસીબતોમાંથી બહાર આવવાનું ઉત્તમ સાધન છે અને જયોતિબા ફુલેએ શિક્ષણથી સમાજ ઉત્થાન, દલિતો, પીડિતો, શોષિતોને શિક્ષિત બનાવવા અંગ્રેજોના ગુલામીકાળમાં સંગઠિત કરીને ક્રાંતિ કરી હતી. આ જ પરંપરાને ગુજરાતના માળી સમાજે શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ સર્જીને જાળવી છે.

મહારાષ્ટ્રમાં મહાત્મા જયોતિબા ફુલેએ સામાજિક સુધારાની ક્રાંતિ કરી હતી એવા માળી સમાજમાં તેમના ધર્મપત્ની સાવિત્રીબાઈ ફુલેએ પણ શિક્ષિત કન્યા માટેની જયોત જગાવેલી તેનો ઉલ્લેખ કરી મુખ્ય મંત્રીશ્રીએ માળી સમાજની કન્યાઓને શિક્ષિત બનાવીને તેનું સશક્તિકરણ કરવા અનુરોધ કર્યો હતો.

ગુજરાત સરકાર મહાત્મા જયોતિબા ફુલેની અને તેમના ધર્મપત્ની સાવિત્રીબાઈની સ્મૃતિમાં દલિત પત્રકાર અને દલિત મહિલાને ખાસ એવોર્ડ આપે છે, એમ તેમણે જણાવ્યું હતું.

વિકાસ માટે ગુજરાત સરકારે જે સામાજિક ચેતનાનું આંદોલન જગાવ્યું છે તેની ભૂમિકા આપી મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, સૌના વિકાસમાં સૌના સાથનો મંત્ર ભારત જોડવાનો સંકલ્પ સાકાર કરે છે. નર્મદા યોજનાથી રાજસ્થાનને કેનાલના પાણી પહોંચાડીને રાજ્યો-રાજ્યો વચ્ચે નદીના પાણીના ઝઘડા સામે પાણી વિકાસની શક્તિ બને તેવો સંકલ્પ પૂર્ણ કર્યો છે.

પ્રારંભમાં ગુજરાત માળી ફેડરેશનના શ્રી ગંગારામ ગેહલોતે આવકાર પ્રવચનમાં સમાજના વિવિધ સેવા કાર્યોની રૂપરેખા આપી હતી. મુખ્ય મંત્રીશ્રીને માળી સમાજ દ્વારા રૂા. ૧.૫૧ લાખનો ચેક આ અવસરે અર્પણ કરવામાં આવ્યો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિધવા બહેનોને સહાય યોજના અન્વયે પ્રતિકરૂપે સિલાઈ મશીનનું વિતરણ કર્યું હતું.

આ પ્રસંગે રાજય આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્યો શ્રી અનિલભાઈ માળી અને શ્રી ભરતભાઈ બારોટ, રાજસ્થાનના પૂર્વ મંત્રી શ્રી રાજેન્દ્ર ગેહલોત સહિત ગુજરાત-રાજસ્થાનના માળી સમાજના અગ્રણીઓ તથા પરિવારો ઉપસ્થિત રહ્યા હતા.

## લવારપુર હાઈ-વે પર ૭૦ હજારની લૂંટના કેસનો એક આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા. ૧

અમદાવાદના નરોડા ખાતે રહેતા અને શેર બ્રોકરની ઓફિસ ધરાવતો યુવક ગત તા. ૨૯ના રોજ હિંમતનગરથી નવુ એક્ટીવા લઈ નરોડા તરફ પરત જઈ રહ્યો હતો ત્યારે લવારપુર ચાર રસ્તાથી એક કિલો મીટર દૂર પાછળથી બ્લેક પલ્સરબાઈક લઈને આવેલા ત્રણ શખ્સોએ ૭૦ હજારની લૂંટ ચલાવી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જે અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી તપાસ કરી રહ્યા હતા. દરમિયાન ગત રોજ બાતમીના આધારે લૂંટ ચલાવનાર ત્રણ શખ્સો પૈકી અમદાવાદના કુબેરનગરના એક શખ્સની ધરપકડ કરી. તાબડતોડ ગાંધીનગર કોર્ટમાં રજૂ કરી ૩ દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદના નરોડા વિસ્તારની વિષ્ણુપાર્ક સોસાયટીમાં રહેતા અને નરોડા મા જ શેર બ્રોકરની ઓફિસ ધરાવતો જયદીપકુમાર અમૃતભાઈ પટેલ અને તેનો ભાગીદાર ચેતનકુમાર વસંતલાલ મોદી (રહે. અડાલજ) બન્ને ગત ૨૯મી માર્ચના રોજ અમદાવાદથી હિંમતનગર નવું એક્ટીવા લેવા ગયા હતા. બાદમાં સાંજના સમયે બન્ને યુવક પરત આવી રહ્યા હતા. જ્યારે સાથે રહેલ ચેતનકુમાર વસંતલાલ મોદીને અડાલજ જવાનું હોવાથી તેઓ મોટા ચિલોડા ઉતરી ગયા હતા. અને જયદીપકુમાર પટેલ નરોડા તરફ જવા રવાના થયા હતા. ત્યારે લવારપુર ચાર રસ્તાથી એક કિલોમીટર આગળ પલ્સર બાઈક લઈ આવેલા ત્રણ શખ્સોએ એક્ટીવા સવાર જયદીપ પટેલ પાસેથી આશરે ૨૦ હજારની કિંમતનું લેપટોપ, ૫૦ હજાર રોકડ, તથા જુદી જુદી બેંકની ત્રણ ચેકબુક, પાસબુક અને પાસપોર્ટનું પર્સ ઝુટવી લઈ લૂંટ ચલાવી અમદાવાદ નરોડા તરફ ભાગી છૂટ્યા હતા. આ ચકચારી લૂંટના બનાવ અંગે ડભોડા પોલીસે ત્રણ અજાણ્યા લૂંટારૂઓ સામે ગુનો નોંધી ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. અને પર્સ સહિત અનેક કાગળીયા શોધી કાઢ્યા હતા. દરમિયાન ગતરોજ તપાસ અધિકારી ડી.બી. આસોડીયા તથા સર્કલ પી.આઈ. બી.સી. ઠક્કરને આ લૂંટ ચલાવનાર શખ્સોની ખાનગી બાતમી મળતા તેઓએ ત્રણ શખ્સો પૈકી એક અજય ઊર્ફે અજુ રમેશભાઈ થેરીયાણીને અમદાવાદના કુબેરનગર સ્થિત તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે અજય ઊર્ફે અજૂને અમદાવાદથી ઝડપી તાબડતોડ ગાંધીનગર લઈ આવી કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં કોર્ટે આરોપી અજય ઉર્ફે અજુના ત્રણ દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા.

### ઈડરમાં સૌથી વધુ ૪૨.૪ ડીગ્રી તાપમાન

## ગાંધીનગર-અમદાવાદ સહિત ગુજરાતમાં કાળઝાળ ગરમીનું મોજું ફેલાયુ

### અમદાવાદમાં ૪૦.૬, અમરેલીમાં ૪૧.૬, રાજકોટમાં ૪૧.૦, ડીસામાં ૪૦.૫ : લોકો ત્રાહિમામ પોકારી ગયા

અમદાવાદ, તા.૦૧

અમદાવાદ સહીત રાજયમાં ગરમીના પ્રમાણમાં સતત વધારો જોવા મળે છે અને કાળઝાળ ગરમીનું મોજું ફરી વળયું છે. ગરમીની સાથે બાફનું પ્રમાણ વધારે હોવાથી લોકોને અકળામણનો અનુભવ થઈ રહ્યો છે. રાજયમાં સૌથી વધારે ઈડરમાં ૪૨.૪ ડીગ્રી સેલ્શિયસ નોંધાઈ હતી.

હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે અને મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫ ડીગ્રીની આસપાસ રહેશે. રાજ્યના તમામ જિલ્લા, દીવ, દમણ, દાદરા-નગર હવેલીમાં ગરમીનું પ્રમાણ યથાવત રહેશે. અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૦.૬ ડીગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૪.૬ ડીગ્રી સેલ્શિયસ નોંધાયુ હતું. હવામાં ભેજનુંપ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૬૦ટકા અને સાંજે ૫.૩૦ વાગે ૧૮ ટકા નોંધાયું હતું. અમદાવાદમાં ગરમીનું પ્રમાણ સતત વધતાં બપોરે લૂના ગરમવાયરા ચામડી દઝાડે છે. બપોરના સમયે લોકો ઘર કે ઓફીસમાં પૂરાઈ રહેવાનું પસંદ કરે છે. ગરમીના કારણે પંખા, એસી, એરકુલરોનો વપરાશ વધી ગયો છે. આ ઉપરાંત તરબુચ, ટેટી, આઈસક્રીમ, ઠંડા પીણા, બરફના ગોળાનો વપરાશ પણ વધી ગયો છે. રાજયમાં મહત્તમ તાપમાન વડોદરામાં ૪૦.૪ ડીગ્રી, રાજકોટમાં ૪૧.૦, સુરતમાં ૪૦.૬, ભુજમાં ૪૦.૪, ભાવનગરમાં ૪૦.૦, ડીસામાં ૪૦.૫, અમરેલીમાં ૪૧.૬, વલ્લભવિદ્યાનગરમાં ૪૧.૬, ગાંધીનગરમાં ૪૦.૫, સુરેન્દ્રનગરમાં ૪૧.૦ ડીગ્રી સેલ્શિયસ નોંધાયુ હતું.



ઘાટલોડિયાથી જુની બહુચર માતાજીની એક કિલોમીટર લાંબી ધજા સાથે પદ યાત્રી સંઘના શ્રદ્ધાળુ નિકળ્યા.

## સર્વિસ રાઈફલમાંથી ગોળી મારી કોન્સ્ટેબલનો આપઘાત

અમદાવાદ, તા.૦૧

શહેરના શાહિબાગ હેડક્વાર્ટર ખાતે રહેતા કોન્સ્ટેબલે સર્વીસ રાઈફલમાંથી જડબાના ભાગે ગોળી મારી આપઘાત કરી લેતા ભારે ચકચાર મચી જવા પામી છે. આપઘાત કરતા અગાઉ તેણે ચાર રાઉન્ડ હવામાં ફાયરીંગ કર્યા હતા અને પાંચમી વાગ્યાના સુમારે પોતાના ઘરે આવ્યા હતા. દરમ્યાનમાં કનુભાઈએ એક પછી એક ચાર રાઉન્ડ હવામાં ફાયરીંગ કર્યા હતા.



ગોળી પોતાના જડબાના ભાગે મારી દીધી હતી. ઘટનાને પગલે પોલીસ બેડામાં ભારે માતમનો માહોલ છવાઈ ગયો છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે શાહિબાગ હેડક્વાર્ટર સ્થિત નવા ત્રણ માળીયામાં બ્લોક નં.૨૪ ખાતેના રુમનંબર ૪૨૨માં ૪૦ વર્ષીય કનુ રમણભાઈ બારીયા પોતાના પત્ની કાસીબેન તેમજ બે પુત્રી અને પુત્ર સાથે રહેતા હતા. કનુભાઈ આર્મ કોન્સ્ટેબલ તરીકે પોલીસફોર્સમાં જોડાયા હતા. અને હાલમાં હેડક્વાર્ટર ખાતેના પ્રવેશદ્વાર પર ફરજ બજાવતા હતા. જો કે આજથી તેમને નરોડા પાટીયા ખાતે એક સાક્ષીની સુરક્ષા માટેની ફરજ પર હાજર થવાનું કહેવાયું હતું. દરમ્યાનમાં આજરોજ સવારે તેઓ હેડક્વોર્ટર ગયાહતા અને હથિયાર રુમમાંથી રાઈફલ લઈ સવારના ૧૦.૩૦ ત્યારબાદ રાઈફલની નળી પોતાના જડબાનીચે મુકી ટ્રીગર દબાવી દેતા ગોળી તેમના માથાને વીંધીને આરપાર નીકળી ગઈ હતી અને ઘટના સ્થળે જ તેમનું મોત થયું હતું. ગોળીબારના અવાજને કારણે આસપાસના લોકો મોટીસંખ્યામાં દોડી આવ્યા હતા. ઘટનાની જાણ માધવપુરા પોલીસને કરાતા પીઆઈ એસજી પરમાર સહિતની ટીમ તાબડતોબ દોડી આવી હતી. પોલીસે તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પોલીસે તેમના પત્નીની પૂછપરછ કરી હતી. પરંતુ તેમણે ખુદ આપઘાતના કારણ અંગે અજાણ હોવાનું જાણવા મળ્યું હતું.કનુભાઈએ સર્વીસ રાઈફલમાંથી જ ગોળી મારી આપઘાત કરી લેતા હેડક્વાર્ટરમાં પણ સોપો પડી ગયો છે. માધવપુરા પોલીસ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## રાજ્યમાં માત્ર ૧૫ તાલુકામાં ચામાચિડીયાની વસાહતો છે

ગાંધીનગર, તા.૦૧

રાજ્યમાં ૧૫ જેટલા તાલુકાઓમાં ચામાચિડીયાની વસાહતો આવેલી છે. વન્યપ્રાણી સંરક્ષણ ધારા હેઠળ ચામાચિડીયાની અમૂક પ્રજાતિ અનુસૂચિ-૫ હેઠળ ઉપદ્રવ પ્રાણી જાહેર કરેલ હોવથીતે રક્ષિત પ્રાણી નથી. આમ છતાં જીવદયાને કારણે સંબધિત ક્ષેત્રિય અધિકારી-સ્ટાફ તથા વન્યજીવ પ્રેમીઓ ચામાચિડીયાના શિકારને અટકાવવા મહત્વનું યોગદાન આપી રહ્યા છે.

રાજ્યમાં ચામાચિડીયાની કુલ ૧૫ તાલુકાઓમાં વસાહતો આવેલી છે. જેમાં બેચરાજીના સૂર્યમંદિર મોઢેરા ખાતે, રાજપીપળાના આમલેથા-લાછરસ ખાતે, તથા તીલકવાડા-સાવલી, ડેડીયાપાડા મોઝદા, કણબીપીઠા-કનબુડી-સામરગાટ, સાગબારમાં કુંડીકોતર, જાંબુઘોડાના કડા-તરગોળ, વાંસદા કમ્પાઉન્ડમાં ઝાડ પર, બારીયાના રતનમહાલ રીંછ અભ્યારણ્ય, કણજીયા, ધોળી, ચંચેવાલ, બાંધેલી, ધનોલ, છબનપુર, સાંપા મોરડુંગરા, ચુંદડી, બામરોડી, અછાલા, મટુલીયા-ગોલ્લાવ, શહેરના ચાંપાનેર (પાવાગઢ) વાવ, ખોડીયારપુરા, ભમરિયા, ખાનપુરના કલેશ્વરી અને ભરૂચના કબીરવડમાં ચામાચિડીયાની વસાહત જોવા મળી છે.

### કંપની સમાચાર

#### બેસ્ટ વેસ્ટર્ન ઈન્ટરનેશન 'વિશ્વની વિશાળ હોટેલ ચેઈન' સાથે રોક રેજેન્સી હોટલનું સંયુક્ત સાહસ

અમદાવાદની પ્રતિષ્ઠિત રોકરેજેન્સી હોટલ એ દુનિયામાં વખણાયેલ એવી પ્રતિષ્ઠિત બેસ્ટ વેસ્ટર્ન ઈન્ટરનેશનલ 'વિશ્વની વિશાળ હોટેલ ચેઈન.' જે દુનિયાની સૌથી મોટી હોટલ પરિવાર સાથે સંબંધ ધરાવે છે અને અતિઉત્તમ આતિથ્ય સત્કારનો ઈતિહાસ સર્જ્યો છે. ૪૦૦૦ હોટલ્સ અને ૩,૧૩,૪૫૮ થી વધુ ગુણવત્તાસભર ગેસ્ટરૂમની સગવડ સાથે ૮૦ દેશોમાં રૂચિકર ભોજન પુરી પાડતી તે એક ખૂબ જ જાણીતી હોટલોની શ્રૃંખલા છે. બીજા દેશોમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ હવે અમદાવાદના મહેમાનોને પૂરી પાડવા તૈયાર છે. અમારા શહેરની મુલાકાત લેનાર અતિથિને ઓનલાઈન રીઝર્વેશન સેવાઓ મળવાનું હવે ખૂબ જ સરળતાથી ઉપલબ્ધ હોવાના કારણે આપણા શહેરની મુલાકાતે આવનાર આતિથિયોની સંખ્યામાં ઘણો વધારો થયો છે.

બેસ્ટ વેસ્ટર્ન રોક રેજેન્સી હોટલ એક ટીમ તરીકે આંતરરાષ્ટ્રીય માપદંડને અનુરૂપ તેના અતિથિયોની સગવડ સાથે માવજત કરવા સંપૂર્ણપણે સજ્જ છે. જાન્યુઆરી, ૨૦૦૫થી સરેરાશ www.bestwestern.com પર બુકિંગ કરી પ્રતિદિન s 1 મિલિયન ડોલરનું રેવેન્યુ અર્જિત કરી રહી છે. બેસ્ટ વેસ્ટર્ન રોક રેજેન્સી હોટલ તેના વારંવાર આવતા અતિથિયોને ૧૭ના માપદંડ પ્રમાણેની ગેરેન્ટેડ આલ્હાદક વાતાવરણ તથા સેવાઓ પૂરી પાડી રહી છે.

#### ઈનફોક્સ ડાયગ્નોસ્ટિક્સની નવી બ્રાન્ચનો આંબાવાડીમાં પ્રારંભ

ટેકનોલોજી આધારિત મેડિકલ સર્વિસીસ ગુજરાતની વૈશ્વિક સ્વાસ્થ્ય કેન્દ્રની છબી બનાવી રહ્યાં છે. ૨૦૦૮માં સ્થાપિત ઈનફોક્સ ડાયગ્નોસ્ટિક્સ અમદાવાદનું આવું એક ટેકનોલોજી આધારિત અદ્યતન સુવિધાઓવાળું રોગની તપાસ માટેનું અદ્યતન કેન્દ્ર છે.

આ યુનિટ અમદાવાદનાં ડૉ. તુષાર દેસાઈ, ડૉ. શેતલ દેસાઈ, ડૉ. દીપક પટેલ અને ડૉ. સંજય મહેતાનું બ્રેન ચાઈલ્ડ છે. રેડિયોલોજી ક્ષેત્રનાં સૌથી વધુ હાઈટેક સાધનોથી સજ્જ આ ગુજરાતનું સૌથી મોટું અને પોતાનામાં સંપૂર્ણ એવું રોગની તપાસ માટેનું કેન્દ્ર છે. આ કેન્દ્રમાં દર્દીઓ માટે પેટ સ્કેન, ન્યૂક્લીયર મેડીસીન, હાઈટેક એમઆરઆઈ, સીટી સ્કેન, નોન ઈન્વેસિવ કોરોનરી એન્જીયોગ્રાફી, ડિજિટલ એક્સરે, સોનોગ્રાફી, મેમોગ્રાફી અને ફીટલ મેડીસીન જેવી સુવિધાઓ અનુભવી તેમજ નિષ્ણાંત ડોક્ટરો દ્વારા એકજ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

હિંમતનગર, જામનગર, ભૂજ અને આણંદ જેવાં ક્ષેત્રોને ટેલીરેડિયોલોજી એફડીએ પ્રમાણિત સોફ્ટવેર દ્વારા જોડી અને નિષ્ણાંત તેમજ અનુભવી ડોક્ટરોની સેવા આપી રહ્યાં છે.

ઈનફોક્સ ડાયગ્નોસ્ટિક્સની નવી બ્રાંચ ૧લી એપ્રિલથી ગ્રાઉન્ડ ફ્લોર, સનોમા પ્લાઝા, પરીમલ ગાર્ડન સામે, જેએમસી હાઉસની બાજુમાં, આંબાવાડી, અમદાવાદમાં શરૂ થઈ રહી છે. અમારો ઉદ્દેશ્ય લોકોને પોસાય તેવા દરે, સારી અને અદ્યતન હાઈટેક સેવા આપવાનો એક અનેરો પ્રયાસ છે.

### દર્શન માટે મંદિરોમાં ભક્તોની ભીડ જામી

## રામનવમી-ચૈત્રી નવરાત્રીના અંતિમ દિનની ઉજવણી થઈ

અમદાવાદ, તા.૧

અમદાવાદ શહેરમાં આજે ચૈત્રી નવરાત્રિનો અંતિમ દિવસ અને રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી અને મોટી સંખ્યામાં ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

આજે ચૈત્રી નવરાત્રીના અંતિમ દિવસે માતાજીનાં દર્શન કરવા માટે શહેરનાં મંદિરોમાં ભીડ જોવા મળળી હતી. ભદ્રકાલી મંદિર, બહુચરાજી મંદિર, માનવ મંદિર અને ખોડિયાર માતા મંદિર સહિત શહેરના અનેક મંદિરોમાં માતાજીનાં દર્શન કરવા માટે સવારથી જ ભક્તોની ભીડ જોવા મળી હતી અને માતાજીનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. ભક્તો દ્વારા ચૈત્રી નવરાત્રિમાં માતાજીની ઉપાસના, ઉપવાસ અને અનુષ્ઠાન કરવામાં આવે છે. આજે ભદ્રકાલી મંદિરમાં ૨૦ હજારથી વધુ ભક્તોએ માતાજીનાં દર્શનનો લાભ લીધો હતો. આઠમના દિવસે મંદિરોમાં રાત્રે ૧૨ થી ૪ કલાક સુધી મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો. કાલુપુરમાં રાજા મહેતાની પોળમાં આવેલા પ્રાચીન તોતળામાતાજીના મંદિરમાં આજે ૨૪ કલાક અખંડ આનંદના ગરબાની ધૂનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી અને મહાઆરતી પછી તોતળામાતાજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી.

કાળુપુરમાં રાજા મહેતાની પોળમાં આવેલા અતિ પ્રાચીન તોતળામાતાજીની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. માતાજીની શોભાયાત્રા ધન સુથારની પોળતી નજિ મંદિર પરત ફરી હતી. કાળુપુરમાં રાજા મહેતાની પોળમાં આવેલા અતિપ્રાચીન તોતળા માતાજી-ગૃહમંદિરનો શનિવારે ૫૧૧મા માટોત્સવની ઉજવણીની શરૂઆત આનંદના ગરબાની ૨૪ કલાક અખંડ ધૂનથી કરવામાં આવી હતી. ચૈત્ર સુદ આઠમના દિવસે પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો અને માતાજીને અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત આજે શહેરના મંદિરોમાં ભગવાન રામના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રામનવમી નિમિત્તે શહેરના મંદિરોમાં ભગવાનને અભિષેક, મહાઆરતી કરવામાં આવી અને વહેલી સવારથી જ મંદિરમાં ભક્તોની ભીડ જોવા મળી હતી.

### વધુ એક અંતરાય...

● અનુસંધાન પહેલાનું ચાલુ

તૈયારીઓ પૂરી કરી દીધી હતી.

કોલેજ સત્તાવાળાઓએ સંપૂર્ણ તૈયારી અંગેનો રિપોર્ટ પણ કાઉન્સીલને મોકલી આપ્યો હોવાનું જાણવા મળેલ છે.

હાલમાં મેડીકલ કોલેજના અધ્યાપકોની ચાલી રહેલી હડતાલને કારણે ઈન્સ્પેક્શનની કામગીરીમાં રૂકાવટ આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સામાન્યતઃ ૩૧ માર્ચ સુધીમાં કાઉન્સીલ દ્વારા ઈન્સ્પેક્શન થઈ જતુ હોય છે પણ આ વર્ષે ૩૧ માર્ચ સુધીમાં ઈન્સ્પેક્શન માટેની ટીમ ન આવી હોવાથી શિક્ષણ જગતમાં અટકળોનો દોર શરૂ થઈ જવા પામ્યો છે.

અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર કોલેજ માટે કરાયેલી દરખાસ્તને લઈ ઈન્સ્પેક્શન હવે ૧૫ એપ્રિલ સુધીમાં પૂર્ણ કરી દેવાશે તેવી શક્યતાઓ છે.

મેડીકલ કોલેજ શરૂ કરવાને પગલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પથારીની સંખ્યામાં પણ સારો એવો વધારો કરવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે મેડીકલ કોલેજની કામગીરીને પગલે આગામી વર્ષ માટે પણ રૂ. ૧૦૦ કરોડ જેટલી જંગી રકમની ફાળવણી અંદાજપત્રમાં કરી છે. આ ઉપરાંત આગામી બે વર્ષમાં વધુ ૪૫૦ પથારીઓની ક્ષમતા વધારવા માટેનું આયોજન પણ આખરી કરી દીધુ છે.

સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં જ અલગ ઓ.પી.ડી. હાઉસ બનાવવાની કામગીરી પણ આગામી દિવસોમાં હાથ ધરાવાની છે જે ઉલ્લેખનીય છે.

### વાવેતર ઘટવાના નિર્દેશો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ સિંચાઈની નહીવત સુવિધાને પગલા ઉનાળુ પાકનું વાવેતર ઓછું થાય છે.

ગાંધીનગર જિલ્લામાં ઉનાળુ પાકનું વાવેતર આમેય આ વખતે શિયાળો મોડે સુધી ચાલ્યો હોવાથી ખેતરો ખાલી નહિ થવાને કારણે પણ ઓછું થશે એમ મનાઈ રહ્યું છે. હાલ જિલ્લામાં ઘઉંની કાપણીની કામગીરી ચાલી રહી છે પણ મે માસમાં કપાસની વાવણીનો આરંભ થશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લા ખેતીવાડી તંત્રના સુત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ લક્ષ્યાંક મુજબ ઉનાળુ વાવેતરની પ્રગતિ સંતોષકારક હોવાનું જણાવાઈ રહ્યું છે. જિલ્લાના ગાંધીનગર અને દહેગામમાં ઉનાળુ પાકોનું વાવેતર સારૂ થવાના અંદાજો છે. જ્યારે માણસા અને કલોલમાં ઘણું ઓછું વાવેતર થયાના અહેવાલો છે.